**Capital World Pg 3, 3rd Mar 2022**

# ભારતના પ્રથમ ક્રીપ્ટો ઇન્ડેક્સ - આઇસી૧૫નું બિટબીએનએસ એક્સચેન્જ પર થશે ટ્રેડિંગ

**મુંબઇ તા.૨**

વૈશ્વિક સુપર એપ - ક્રીપ્ટોવાયર અને ભારતમાં ક્રીપ્ટોકરન્સીના અગ્રણી એક્સચેન્જ - બિટબીએનએસ વચ્ચે આઈસી૧૫ના ટ્રેડિંગ સંબંધે કરાર થયા છે. આઈસી૧૫ એ ક્રીપ્ટોવાયરે ગત ત્રીજી જાન્યુઆરીના રોજ લોન્ચ કરેલો ભારતનો પ્રથમ વૈશ્વિક ક્રીપ્ટોકરન્સી ઈન્ડેક્સ છે.

બિટબીએનએસ એક્સચેન્જ પર આઈસી૧૫નું ટ્રેડિંગ આવતા નાણાકીય વર્ષથી અર્થાત્ એપ્રિલના પ્રથમ સપ્તાહથી શરૂ થશે.

ક્રીપ્ટોવાયરે ભારતનો પ્રથમ વૈશ્વિક ઈન્ડેક્સ શરૂ કરવા ઉપરાંત હવે ઈન્ડેક્સના ટ્રેડિંગની નવી પહેલ કરી છે. વ્યક્તિઓ અને સંસ્થાઓને કોઈ એક કરન્સીમાં ટ્રેડિંગ કરવામાં જે જોખમ હોય એની તુલનાએ સમગ્ર માર્કેટને આવરી લેનારા ઈન્ડેક્સમાં કરાતા ટ્રેડિંગમાં જોખમ ઓછું હોય છે. એટલું જ નહીં, ઈન્ડેક્સમાં ટ્રેડિંગ કરવાથી પ્રવાહિતાને લગતું જોખમ પણ ઘટી જશે. બિટબીએનએસ એક્સચેન્જના આશરે ૪૦ લાખ યુઝર્સને આઈસી૧૫માં ટ્રેડિંગ કરવાનો લાભ મળશે.

આઈસી૧૫નું ટ્રેડિંગ શરૂ થવાને પગલે એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ) તથા અન્ય વેલ્થ મેનેજમેન્ટ પ્રોડક્ટ્સ, ડેરિવેટિવ્ઝ અને બાસ્કેટ ટ્રેડિંગ મારફતે અલગ અલગ પ્રોડક્ટ્સ ઓફર કરી શકાશે. આ વ્યવસ્થા ન્યૂ યોર્ક સ્ટોક એક્સચેન્જ, સીએમઈ, નાસ્દાક અને લંડન સ્ટોક એક્સચેન્જ પર ટ્રેડ થતા એસએન્ડપી, ડાઉ જોન્સ અને એફટીએસઈ ઈક્વિટી ઈન્ડેક્સ અથવા ઈટીએફ પ્રોડક્ટ્સ જેવી છે.

ઉક્ત કરાર સંબંધે ક્રીપ્ટોવાયરના એમડી-સીઈઓ જોસેફ મેસીએ કહ્યું છે કે આઈસી૧૫ માર્કેટ કેપિટલાઈઝેશનની દૃષ્ટિએ ૮૦ ટકા કરતાં વધારે ક્રીપ્ટો એસેટ્સનું પ્રતિનિધિત્વ કરે છે. જેમ જેમ ક્રીપ્ટોકરન્સી માર્કેટ વિકસતી જશે તેમ તેમ સહભાગીઓને આઈસી૧૫ પર આધારિત અન્ય ઓફરિંગ્સનો લાભ મળવા લાગશે.

બિટબીએનએસ એક્સચેન્જના સ્થાપક અને સીઈઓ ગૌરવ દહાકેએ કહ્યું છે કે આઈસી૧૫ ઈન્ડેક્સમાં ટ્રેડિંગ શરૂ થવાથી ભારત વૈશ્વિક ક્રીપ્ટોના નકશા પર સ્થાન મેળવશે, કારણ કે ઈન્ડેક્સના ભાવ વૈશ્વિક સ્તરે જોઈ શકાશે અને સમગ્ર ઉદ્યોગ ક્રીપ્ટોમાં થનારી વ્યાપક હિલચાલ પર નજર રાખી શકશે. દુનિયામાં લેવાનારા નીતિવિષયક નિર્ણયો તથા અલગ અલગ પ્રકારના સમાચારોની થનારી અસર પણ આ ઈન્ડેક્સમાં ઝિલાશે.